# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/ક્વા-3/૧૯-૨૦/૮૨૭૧–g** **તા.૧૭–૧૨–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૫/ક્વા-3/૧૯-૨૦

અરજદાર: **ખેર બલવીરસિંહ વશરામભાઈ** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર ખેર બલવીરસિંહ વશરામભાઈ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૨**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **એન.ડી.રૂઘાણી** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૨**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૪-૧૨-૨૦૧૯ ( બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૪-૧૨-૨૦૧૯ ( બુધવાર ) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ખેર બલવીરસિંહ વશરામભાઈ ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૧૫/ક્વા-3/૧૯-૨૦, માં જણાવે છે કે,** તેઓએ સોલાર રૂફટોપ કનેક્શન માટે માહે નવેમ્બર –૨૦૧૭ મા કરારનામુ કરેલ છે. જે મુજબ – સોલાર યુનિટ ની જમા રકમ – એપીપીસી ભાવ મુજબ આપવાનો કરાર કરેલ છે, તે મુજબ – જનરેટ થયેલ યુનીટ ના વધારાના જનરેટ થતા યુનીટ ના રૂ.૩.૨૪ લેખે માહે ફેબ્રુઆરી–૧૯ સુધી બીલમા જમા મળતા હતા, જે તા.૨૫–૦૩–૧૯ સુધી બીલમાં જમાં છે. ત્યારબાદ, માહે માર્ચ–૧૯ થી સદર યુનીટ ના રૂ. ૨.૪૪ લેખે જમા આપેલ છે. જે અનુસંધાને – તા.૦૬–૦૮–૧૯ થી ભાવ તફાવત માટે ની અરજી લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરીમાં કરવા છતા – કોઈ જવાબ મળેલ ન હોય – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અત્રેની કચેરી હેઠળ આવેલ લક્ષ્મીનગર સબડિવિઝનના ગ્રાહક શ્રી ખેર બલવીરસિંહ વસરામભાઈ જેના ગ્રાહક નં.૮૭૬૦૧/૦૪૫૫૬/0 ગ્રાહકની ૨.૦ કી.વો.ની માંગણી મુજબ તા.૨૦.૧૧.૧૭ રોજ સોલાર લગાડવામાં આવેલ અને ગ્રાહક દ્વારા અને ગ્રાહક લગાડેલ સોલાર આ તારીખ થી ગ્રીડમાં જોડાણ કરેલ છે ,ગ્રાહકના સોલાર કનેકશનનું એગ્રીમેન્ટ તારીખ ૦૨.૧૧.૨૦૧૭ નાં રોજ થયેલ અને જે એગ્રીમેન્ટ ૩.૨૨ રૂપિયા લેખે થયેલ છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા તેમના પત્ર નં.GVVNL /COMRE/1298/28.12.18 મુજબ ઓકટો-૧૭ થી માર્ચ ૨૦૧૮મા રેટ ૨.૪૪ પૈસા લેખે ગ્રાહક શ્રીને ચુકવવા પાત્ર થતો હોય જે અનુસાર હવે પછીના બિલમાં આ પરિપત્ર મુજબ ચુકવવામાં આવે છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની રજૂઆત અન્વયે લક્ષ્મીનગર સબડિવિઝનના ગ્રાહક શ્રી ખેર બલવીરસિંહ વસરામભાઈ જેના ગ્રાહક નં.૮૭૬૦૧/૦૪૫૫૬/0 ગ્રાહકની ૨.૦ કી.વો.ની માંગણી મુજબ તા.૨૦.૧૧.૧૭ રોજ સોલાર લગાડવામાં આવેલ અને ગ્રાહક દ્વારા અને ગ્રાહક લગાડેલ સોલાર આ તારીખ થી ગ્રીડમાં જોડાણ કરેલ છે ,ગ્રાહકના સોલાર કનેકશનનું એગ્રીમેન્ટ તારીખ ૦૨.૧૧.૨૦૧૭ નાં રોજ થયેલ અને જે એગ્રીમેન્ટ ૩.૨૨ રૂપિયા લેખે થયેલ છે. પરંતુ, અરજદારને સદર યુનીટ ના ભાવ રૂ.૨.૪૪ લેખે જમા દેતા સદર તકરાર ઉભી થયેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૧ મુજબ ની વિગતે – From available records, Forum committee has observed that one petition number 1770 / 2018 dated 27 November 2018 is filed before GERC "In the matter of petition under section 129 off the electricity act 2003 read with regulation 62 (b) of GERC (conduct of business) Regulation 2004 for seeking order through appropriate directions for securing compliances by the licensee which has contravened certain provisions contained in notification number 05 / 2016 GERC ( Net-metering Rooftop Solar PV Grid Interactive Systems) Regulation 2016 and that the net export of energy by the consumer to distribution grid during billing cycle, distribution licensee shall purchase surplus power, after giving set off against consumption during the billing period, at the APPC determined by the commission for the year in which the Rooftop Solar PV System is Commissioned over the life of the system and the other related issues"

૪.૩ According to GERC (CGRF and Ombudsman) Regulation 2019 notification number 2 of 2019, there are following limitations / preconditions for submission of grievances before CGRF. As per GERC Regulation 2019 notification number 2 of 2019, clause 2.33 (i) " A complainant shall not be entitled to approach the forum In cases where proceedings in respect of the same matter and between the same Complainant and the Licensee, are pending before any court, tribunal, arbitrator or any other authority, or a decree or award or a final order has already been passed by any such court, tribunal, arbitrator or authority"

૪.૪ As per above Para no. 4.3, appeal of appellant - is hereby dismissed.

૪.૫ The complaint is disposed of.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |